નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,
વડી કચેરી, ગાંધીનગરના આધુનિકરણ
માટે વર્ષ ૨૦૧૮-૧૯ની નવી બાબતને
વહીવટી મંજૂરી આપવા બાબત.
રૂ. ૨૦.૫૧ લાખની મંજૂરી

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૮/ન.બા-૦૯/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨૪/૦૫/૨૦૧૮

વંચાણમાં લીધા-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૮/૦૫/૨૦૧૮નો પત્ર ક્રમાંક: અજાક/રેકર્ડ/૨૦૧૮/૪૫૦/ખ

આમુખ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, વડી કચેરી, ગાંધીનગરના આધુનિકરણ માટે નિયામકશ્રી, અ.જા.ક.એ દરખાસ્ત કરેલ હતી. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં વડી કચેરી, ગાંધીનગરના આધુનિકરણ માટે કુલ રૂ.૨૦.૫૧ લાખની બજેટ જોગવાઈ થયેલ છે. આ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી કરેલ દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, વડી કચેરી, ગાંધીનગરના આધુનિકરણ માટે માટે રૂ.૨૦.૫૧ લાખની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાંણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગૂ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક :- ૯૫

મુખ્ય સદર :- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ અને લધુમતિઓનું કલ્યાણ,

પેટા મુખ્ય સદર:- ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,

ગૌણ સદર :- ૦૦૧-નિર્દેશ અને વહીવટ

પેટા સદર :- ૦૫, SCW-23, બધી કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૫/૦૫/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ, વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે...
- પસંદગી ફાઇલ.